# સેક્સસંબંધ અંગે ચર્ચા હવે સંબંધ જાળવવા માટે જરૂરી

લંડન, બુધવાર

સેક્સયુઅલ ઈન્ફેક્શન અને વ્યક્તિના ભૂતકાળના સેક્સસંબંધો અંગે નિખાલસ ચર્ચા લાંબાગાળા સુધી સંબંધોને ટકાવી રાખવામાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા અદા કરે છે. નવા અભ્યાસમાં પણ આ બાબતને હવે સમર્થન મળી ગયુ છે. એક હજારથી વધુ લોકોને આવરી લઈને કરવામાં આવેલા અભ્યાસમાં જાણવા મળ્યું છે કે, સંબંધોને ટકાવી રાખવા માટે નિખાલસ વાતચીત અતિજરૂરી છે. ૧૫ વર્ષથી લઈને ૨૪ વર્ષની વયના લોકોને આવરી લઈને આ અભ્યાસના તારણો રજૂ કરવામાં આવ્યા છે.

તારણોમાં જણાવાયું છે કે, ૭૩ ટકા લોકોએ કબુલાત કરી છે કે, તેઓએ નવા પાટનર સાથે સેક્સ માણતાં પહેલા જાતિ રીતે ફેલાયેલા રોગ અંગે કોઈ વાત કરી નહોતી. જ્યારે ૩૦ ટકા લોકોએ કહ્યું છે કે, તેઓ

## નવા પાર્ટનરની સાથે સેક્સ પહેલા જાતીય રોગની વાત ન કરી હોવાની ૭૩ ટકા જેટલા લોકોએ કબુલાત કરી

કોન્ડોમનો ઉપયોગ કરવા નવા પાટનરનો કહેવામાં અસ્વસ્થતા અનુભવે છે અથવા તો આ બાબત કહેવામાં ખચકાય છે. સરકારની સેક્સ, વર્થ, ટોકિંગ, એબાઉટ, કમ્પેનના ભાગરૂપે આ સર્વેક્ષણ કરવામાં આવ્યું હતું. જેમાં ઘણી બધી મહત્ત્વની બાબત જાણવા મળી છે. આધુનિક સંબંધો ઉપર પણ આમા પ્રકાશ ફેંકવામાં આવ્યો છે.

# મહિલાઓ કરતાં પુરુષો પાસે વધુ નવરાશનો સમય

નવી દિલ્હી, બુધવાર

આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ પ્રસંગે જારી કરાયેલા એક રિપોર્ટમાં જણાવવામાં આવ્યું છે કે, બ્રિટનમાં પુરુષો પાસે મહિલાઓ કરતાં વધુ નવરાશનો સમય હોય છે. આ સર્વેમાં જણાવાયું છે કે, પુરુષો મહિલાઓની સરખામણીમાં વધુ સમય સુધી ટીવી જોવે છે. વધારે સમય મિત્રોને મળે છે. વધારે સમય સુધી રમતગમત અથવા તો પોતાની પસંદગીની પ્રવૃત્તિમાં રહે છે.

ઓર્ગેનાઈઝેશન ઓફ ઈકોનોમિક કો-ઓપરેશન એન્ડ નેશને જણાવ્યું છે કે, બ્રિટિશ પુરુષો ફ્રાન્સ અને અમેરિકામાં રહેતા પુરુષોની બિલકુલ નજીક પહોંચી ગયા છે. આ બંને દેશોમાં પુરુષો કરતાં મહિલાઓ વધુ સખત પરિશ્રમ કરે છે. બ્રિટનના અગ્રણી અખબારને ટાંકીને જણાવાયું છે કે, સરકાર અને કંપનીઓને સમાનતાના અંતરને દૂર કરવા વધુ પગલા લેવાની જરૂર છે. પુરુષો સામાન્ય રીતે મહિલાઓ કરતાં વધુ આરામની પળો માણે છે.

બ્રિટનમાં ૩૨ મિનિટથી વધુ નવરાશનો સમય સરેરાશ બ્રિટિશ પુરુષો માણે છે. જ્યારે અમેરિકામાં ૩૮ મિનિટ નવરાશનો લાભ, ફ્રાન્સમાં ૩૩ મિનિટ, બેલ્જિયમમાં ૫૦ મિનિટ અને જર્મનીમાં ૨૨ મિનિટ નવરાશનો લાભ ઉઠાવે છે. ઈટાલિયન પુરુષોનો નવરાશનો સમય મહિલાઓ કરતા દિવસમાં ૮૦ મિનિટ વધુ હોય છે.

## મહિલાઓ કરતાં પુરુષો ટીવી જોવામાં, મિત્રોને મળવામાં, પસંદગીની પ્રવૃત્તિમાં સમય ગાળે છે : સર્વે

# ‘કેઝ્યુઅલ સેક્સ’થી કોઈ નુકસાન થતું નથી

લંડન, બુધવાર

તાજેતરમાં જ કરવામાં આવેલા એક રસપ્રદ સર્વેમાં એવી બાબત જાણવા મળી છે કે, કેઝ્યુઅલ સેક્સ અથવા તો અનિયમિત સેક્સના પરિણામ સ્વરૂપે લોકોને કોઈપણ ભાવાનશીલ અથવા તો માનસિક નુકસાન થતું નથી.

યુનિવર્સિટી ઓફ મિન્નેસોટાના સંશોધકો નવા અભ્યાસ બાદ એવા તારણ ઉપર પહોંચ્યા છે કે, કેઝ્યુઅલ સેક્સની પ્રવૃત્તિમાં સંકળાયેલા એડલ્ટ લોકોને કોઈપણ ભાવનાશીલ નુકસાન થતું નથી. આનાથી નુકસાનકારક માનસિક પરિણામના જોખમો વધતા નથી. સંબંધો પ્રત્યે વધુ કટિબદ્ધ રહેલા યુવા લોકોની સરખામણીમાં આ લોકોને વધારે કોઈપણ માનસિક દબાણની સ્થિતિનો સામનો કરવો પડતો નથી. કેઝ્યુઅલ સેક્સની સાઈકોલોજીકલ ઈન્પેક્ટ ઉપર ધ્યાન કેન્દ્રિત કરીને તાજેતરમાં કરાયેલા અભ્યાસમાં ચેતવણી આપવામાં આવી છે કે, કેઝ્યુઅલ સેક્સના શારીરિક જોખમોની અવગણના કરવી જોઈએ નહીં. ૨૦૦૩-૨૦૦૪થી ૫૭૪ પુરુષો અને ૭૩૭ મહિલાઓને આવરી લઈને આ અભ્યાસના તારણો આપવામાં આવ્યા છે. સેક્સ્યુલી એક્ટિવ લોકો પૈકીના ૫૫ ટકા લોકોએ કહ્યું છે કે, તેમના છેલ્લા સેક્સ પાટનર એક્સલુઝિવ ડેટિંગ પાટનર હતો.

## સાઈકોલોજીકલ ઈમ્પેક્ટ પર ધ્યાન કેન્દ્રિત કરીને કરાયેલા અભ્યાસનું રસપ્રદ તારણ

# બીએસએનએલ પ્રાઈવેટ ઈક્વિટી રચે તેવી શક્યતા

નવી દિલ્હી, બુધવાર

૩૫ હજાર કરોડની રોકડ રકમ અનામત તરીકે ધરાવનાર બીએસએનએલ હવે પ્રાઈવેટ ઈક્વિટી (પીઈ) અથવા તો વેન્ચરફંડની રચના કરવાના વિકલ્પ ઉપર વિચારણા કરવામાં વ્યસ્ત છે. પ્રાપ્ત અહેવાલ મુજબ મોબાઈલની મોટી કંપની બીએસએનએલ આ દિશામાં ટૂંકમાં જ અંતિમ નિર્ણય કરે તેવી શક્યતા છે. પ્રાઈવેટ ઈક્વિટી અથવા તો વેન્ચરફંડ ટેક્નોલોજી અને આઈટી સંબંધિત કંપનીઓમાં મૂડીરોકાણ કરે તેવી શક્યતા છે.

સામ પિત્રોડાના નેતૃત્ત્વમાં ત્રણ સભ્યોની પેનલ દ્વારા ૧૫ મુદ્દાના સૂચન કરવામાં આવ્યા હતા. જે પૈકી એક સૂચન પ્રાઈવેટ ઈક્વિટીની રચના કરવા માટેનું પણ હતું. આ

## ત્રણ સભ્યોની પેનલ દ્વારા અનેક પાસા પર વિચારણાઃ ૩૫ હજાર કરોડની રોકડ રકમ અનામત હોવાથી પ્રાઈવેટ ઈક્વિટી અથવા વેન્ચરફંડની રચના કરવાની વિચારણા

પીએસયુની કામગીરીની સમીક્ષા કરવાના હેતુસર વડાપ્રધાનની ઓફિસ દ્વારા આ પેનલની રચના કરવામાં આવી હતી.

બીએસએનએલના ટોચના કારોબારીઓનો એવો મત છે કે, પ્રાઈવેટ ઈક્વિટી અથવા તો વેન્ચરફંડને સરળતાથી અમલી બનાવી શકાય છે અને આ હિલચાલથી ફાયદો થશે. આ હિલચાલનો કર્મચારી યુનિયનો તરફથી પણ કોઈ વિરોધનો સામનો કરવો પડશે નહીં. પિત્રોડાના નેતૃત્ત્વમાં કરવામાં આવેલી અન્ય ભલામણો પૈકીની કેટલીક ભલામણો સામે કર્મચારી યુનિયનો વિરોધ કરી ચૂક્યા છે.

વર્ષ ૨૦૦૮-૨૦૦૯ માટેની બીએસએનએલની બેલેન્સ શીટ મુજબ આ ટેલિકોમ કંપનીની રોકડ રકમ માર્ચ ૨૦૦૯ના અંત સુધી ૩૫,૩૩૩ કરોડ અનામત તરીકે પડેલી છે. જે એક વર્ષ અગાઉ ૪૦,૦૦૦ કરોડ હતી.